# ગુજરાતની ૫૯૦૦૦ કરોડની વાર્ષિક યોજના

## ભારતના આયોજન પંચ સાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ફળદાયી બેઠક : સામાજીક સેવાઓમાં ૪૨ ટકાની ફાળવણી

ગાંધીનગર,તા. ૧૮

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભારત સરકારના આયોજન પંચના ઉપાધ્યક્ષ ડો. મોન્ટેકસિંહ અહલુવાલિયા વચ્ચે આજે દીલ્હીમાં કેન્દ્રીય આયજનપંચની બેઠકમાં ગુજરાતની સન ૨૦૧૩-૧૪ની યોજનાનુંકદ રૂ. ૫૯હજાર કરોડ નક્કી કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારે રૂા. ૫૮૫૦૦ કરોડની યોજનાનું કદ નક્કી કરીને કેન્દ્રીય આયોજન પંચ સમક્ષ દરખાસ્ત કરી હતી તેમાં ગુજરાત સરકાર અને કેન્દ્રીય આયોજન પંચ વચ્ચે આજે યોજાયેલી બેઠકમાં ચર્ચાને અંતે વાર્ષિક યોજનાનું કદ રૂા. ૫૦૦ કરોડ વધારીને રૂા. ૫૯ હજાર કરોડ રાખવામાં આવ્યું છે જે રાજ્ય સરકારની સુદ્રઢ નાણાંકીય સ્થિતિ અને વાયબ્રન્ટ વિકાસની ગતિશીલતાનું પરિચાયક છે.

મુખ્યમંત્રીએ આયોજન પંચ સાથેની બેઠક સંપન્ન થયા બાદ જણાવ્યું હતું કે, ગુજરાતની વિકાસયાત્રા સુનિશ્ચિત આયોજન સાથે ઝડપથી આગળ વધી રહી છે. રાજ્યની સુચિત યોજનાના કદમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. અને ગુજરાત રાષ્ટ્રીય વિકાસમાં ખૂબ મોટું યોગદાન આપવામાં અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત સરકારે માનવવિકાસ સૂચકાંકને ઊંચે લઈ જવા માટે સવિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ હેતુસર ગુજરાતની યોજનામાં સામાજીક સેવાઓના ક્ષેત્રોમાં કુલ મળીને ૪૨ ટકા સૌથી વધુ ફાળવણી કરવામાં આવી છે. જે રૂ. ૨૪૫૮૬ કરોડ જેટલી થાય છે.

રાજ્ય સરકાર ગરીબ, પીડિત, શોષિત અને વંચિત જનસમૂદાયના વિકાસ અને વિકાસમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે સવિશેષ કાળજી લઈ રહી છે.

ભારતના ગ્રોથ એન્જીન તરીકે ગુજરાતે જે ખ્યાતિ મેળવી છે તેમાં પાછલા એક દશકમાં વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૨ દરમિયાન ૧૦.૨૪ ટકાનો સરેરાશ વિકાસ દર પ્રાપ્ત કરીને ગુજરાતે વિકાસનાક્ષેત્રે ઊંચી ઉડાન ભરી છે, જે ભારતના મોટા રાજ્યની તુલનાએ એક અનન્ય સિદ્ધિ છે. એટલું જ નહીં, માથાદીઠ આવકના ક્ષેત્રમાં પણ વર્તમાન કિંમતોએ સને ૨૦૧૦-૧૧ની અંદાજીત ૭૮,૮૦૨ની સામે સને ૨૦૧૧-૧૨ ૮૯,૬૬૮ની વૃદ્ધિ સાથે ૧૩.૦૮ ટકાનો વધારો થયો છે. અનેક પડકારો અને ચેલેન્જ છતાં ગુજરાતમાં કૃષિ વિકાસદર સને ૨૦૦૧-૨ થી ૨૦૧૧-૧૨ના દશક દરમિયાન ૧૧.૧૧ ટકા જેટલ ઊંચો રહ્યો છે તેમ બેઠકમાં ચર્ચાઓ દરમિયાન જણાવવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારની વિકાસ વ્યૂહ રચના એ માનવવિકાસ સૂચકાંકની સુધારણા પર ધ્યાન કેન્દ્રીત કરીને કરવામાં આવી છે. વિકાસ અને માનવવિકાસ બંને સમાન્તર વૃદ્ધિ પામે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતા અને વિકાસ વ્યૂહમાં પ્રતિબિંબિત થાય છે. ગુજરાતની વાર્ષિક યોજનામાં સામાજીક સેવા ક્ષેત્રો માટે રૂા. ૨૪,૫૬૮ કરોડની જોગવાઈ દરખાસ્ત કરવામાં આવી છે, જે ૪૨ ટકા કરતાં પણ વધોર છે. સામાજીક સેવાઓમાં શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, પછાતવર્ગો માટે આવાસ નિર્માણ અને સમાજકલ્યાણ તેમજ મહિલા અને બાળકોના સશક્તિકરણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આયોજન પંચના ઉપાધ્યક અને સભ્ય સાથેની આ બેઠકમાં ગુજરાતે વિકાસ અને જનજીવન સાથે જોડવા માટેના નવા અભિનવ આયામો અને ટેકનોલોજી ડ્રિવન ઈનિશ્યેટીવ અપનાવ્યા છે તેની ભૂમિકા આપી હતી અને જણાવ્યું તું કે આયોજીત વિકાસના સમજણપુર્વકના તથા સંબંધિત ક્ષેત્રોમાં ઝડપી અને સંકલિત વિકાસ વ્યૂહ અમલીકરણ માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે.

તેમણે એમ પણ જણાવ્યું કે માનવવિકાસ સૂચકાંક અને સર્વસમાવેશક વિકાસ (ઈન્કલૂઝિવ ગ્રોથ) સુશાસન, યુવા સશક્તિકરણ અને મહિલાઓની શાસનમાં ભાગીદારીને બહુધા પ્રોત્સાહિત કરે છે.શિક્ષણના ક્ષેત્ર માટે વર્ષ ૨૦૧૩-૧૪ની આ યોજનામાં સૂચવવામાં આવેલા રૂા. ૩૮૫૦ કરોડ પાછલા વર્ષની આ ક્ષેત્રની જોગવાઈ સામે ૪૨.૫૯ ટકા જેટલો અભૂતપૂર્વ વધારો દર્શાવે છે રાજ્ય સરકારકન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ જેવા નવોન્મેષિ આયામોથી પાછલા એક દશકમાં ગુજરાતમાં શિક્ષણ માટેનું જે ઉત્સાહપ્રેરક વાતાવરણ સર્જાયું છે તેના પરિણામે શાળાઓમાં નામાંકન વૃદ્ધિ અને પ્રાથમિક શિક્ષણનો ડ્રોપ આઉટ ૨.૦૬ ટકા સુધી લઈ જવામાં ગુજરાતે સફળતા મેળવી છે તેમ તેમણે જણાવ્યું હતું.

આરોગ્ય ક્ષેત્રે રાજ્ય સરકારના સર્વસમાવેશક અને હોલિસ્ટીક હેલ્થકેર કાર્યક્રમના વ્યાપક ફલકથી સમગ્ર રાજ્યના ૧૮૬૦૦ ગામોના ૧.૫ કરોડ બાળકોને આવરી લેવામાં આવ્યા છે. આ વર્ષની યોજનામાં આરોગ્ય સુખાકારીના ક્ષેત્રમાં ૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૮૦૦ કરોડ સુનિશ્ચિત કરાયા છે. માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં પાછલા પાંચ વર્ષમાં નોંધપાત્ર સુધાર થયો છે. સંસ્થાગત પ્રસૃતિની સુવીધાને પરીણામે માતા મૃત્યુદરમાં પણ સુધારો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. અગાઉના ૯૫ ટકાની તુલનાએ હવે તે ૫૮ને પહોંચ્યો છે.

## આઈ.બી.ના સ્પે. ડાયરેકટર રાજેન્દ્રકુમારની સી.બી.આઈ. દ્વારા પુછપરછ

ગાંધીનગર, તા.૧૮

ઈશરત જહાં નકલી એન્કાઉન્ટર કેસમાં આજે સી.બી.આઈ.એ આઈ.બી.ના સ્પેશિયલ ડાયરેકટર રાજેન્દ્રકુમારની પુછપરછ હાથ ધરી હતી.



ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ કરી રહેલ સી.બી.આઈ.એ હાલમાં આઈ.બી.માં સ્પેશિલ ડાયરેકટર તરીકે ફરજ બજાવતા રાજેન્દ્રકુમારને પુછપરછ માટે સમન્સ પાઠવતાં આજે રાજેન્દ્રકુમાર સી.બી.આઈ. સમક્ષ હાજર થયા હતાં.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજેન્દ્રકુમાર હાજર થતાં સી.બી.આઈ.એ ગાંધીનગર નજીક આવેલ બીએસએફ કેમ્પના ગેસ્ટ હાઉસ ખાતે રાજેન્દ્રકુમારની પુછપરછ હાથ ધરવામાં આવી છે. બપોરથી શરૂ કરાયેલી પુછપરછનો દોર મોડી સાંજ સુધી ચાલ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજેન્દ્રકુમાર સામે ઈશરત જહાં અંગેના ખોટા ઈનપુટ આવ્યા હોવાનો આક્ષેપ છે. સી.બી.આઈ. દ્વારા આજે રાજેન્દ્રકુમારની પુછપરછ હાથ ધરવામાં આવતાં આ કેસમાં તેમની ધરપકડ કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

## સતીષ વર્માની મદદ ૨૩મી જુને પૂર્ણ કરવા કોર્ટનો આદેશ

ઈશરત જહા એન્કાઉન્ટર કેસમાં આઈ.પી.એસ. અધિકારી સતીષ વર્માની મદદ સીબીઆઈને ૨૩મી જુન સુધી જ મળશે અને ૪થી જુલાઈએ આ કેસનો અહેવાલ રજુ કરવાનો આદેશ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. ગુજરાતના બહુચર્ચીત ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ કરી રહેલ સીબીઆઈને સીટના વડા સતીષ વર્માની મદદ આપવામાં આવી હતી. સતીષ વર્માની મુદત લંબાવવા માટે હાઈકોર્ટમાં કરાયેલી અરજી પરની સુનવણીમાં આજે હાઈકોર્ટે સીબીઆઈને સતીષ વર્માની મદદ ૨૩મી જુને પૂર્ણ કરવા માટેનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત આ કેસનો તપાસ અહેવાલ પણ ૪થી જુલાઈના રોજ રજુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ અહેવાલ પર આગામી ૨૬મી જુલાઈના રોજ સુનવણી હાથ ધરવામાં આવશે. આજે હાઈકોર્ટે સતીષ વર્માની મદદ ૨૩મી જુને પૂર્ણ કરવાના આપેલા આદેશને લઈ ૨૩મી જુન બાદ સતીષ વર્મા ગુજરાત કેડરમાં પરત ફરશે અને તેમની સેવાઓ રાજય સરકારમાં શરૂ થશે.

## થરાદના દિદરડા ગામે દારૂની રેડ દરમિયાન પોલીસ પર બુટલેગરોએ કર્યો હુમલો : એક ગંભીર

ડીસા, તા.૧૮

થરાદના દિદરડા ગામે ગતરાત્રી એ દારૂ વેચાણ અર્થે લવાતો હોવાની બાતમી મળતા થરાદ પોલીસ ટીમે શકમંદ ઈસમના ઘેર દરોડો પાડયો હતો. જો કે પોલીસની આ કાર્યવાહીથી ઉશ્કેરાયેલા બુટલેગરોએ વળતા પ્રહારમાં પોલીસ પર હથિયારો હાથે હુમલો કર્યો હતો. જેમાં એક એ.એસ.આઈ. ગંભીર રીતે ઘવાયા હતા. આ મામલે થરાદ પોલીસે એક મહિલા સહિત ત્રણ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રો તરફથી મળતી વિગતો જોતા થરાદ તાલુકાના દિદરડા ગામે રહેતા ભેમાભાઈ ચેલાભાઈ પટેલ સહીતના અન્ય ઈસમો દારૂ વેચાણ અર્થે લાવતા હોવાની પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી. જે બાતમી આધારે થરાદ પોલીસ સબ ઈન્સ્પેકટર એ.કે. વણકર, એ.એસ.આઈ. રતનસિંહ રાજપૂત અને અન્ય પોલીસકર્મીઓ દિદરડા ગામે ૧૮ જુન ૨૦૧૩ની વહેલી સવારે બાતમી વાળી જગ્યાએ રેડ પાડવા પહોંચ્યા હતા. જો કે પોલીસ જોઈ ઝડપાઈ જવાની બીકે આરોપી એવા (૧) ભેમાભાઈ ચેલાભાઈ પટેલ (૨) રામજીભાઈ ભેમાભાઈ પટેલ તોમજ (૩) નીલાબોન ભેમાભાઈ પટેલે પોલીસ પર હુમલો કર્યો હતો અન તે રીતે સરકારી કામમાં વિધ્ન ઉભું કર્યું હતું. આ જીવલેણ હુમલામાં એ.એસ.આઈ. રતનસિંહ રાજપૂતને લોખંડની પાઈપ અને પાવડાથી માર મારતા તેઓને માથા અને પીઠના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓ લોહી લુહાણ હાલતમાં નીચે પટકાયા હતા. જેમને સારવાર અર્થે થરાદ રેફરલ હોસ્પિટલ ખાતે અને બાદમાં વધુ સારવાર અર્થે ડીસાની ખાનગી ઓર્થો હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ હુમલા મામલે થરાદ પોલીસ સબ ઈન્સ્પેકટર એ.કે. વણકરે ત્રણેય ઈસમો વિરુદ્ધ આઈ.પી.સી. કલમ ૩૦૭, ૩૨૩, ૩૩૨ મુજબ ફરિયાદ આપી તમામને જેલ હવાલે કરેલ છે જયારે બીજી તરફ દારૂ વેચાણ કરતા તત્વો દ્વારા પોલીસ પર જીવલેણ હુમલો કરતા પોલીસ બેડામાં ચકચાર મચેલ છે.




ગાંધીનગર નજીક આવેલ વાવોલ ગામે વીજ કરંટથી ગાયનું મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી હતી. વાવોલના નારાયણનગર ખાતે ખુલ્લા વાયરના કારણે કરંટ લાગતા ગાયનું મોત નિપજયું હતું.

## ગૌરક્ષકો દ્વારા ૧૦૦૦ થી વધુ વાછરડા કતલખાને લઈ જતા બચાવાયા

ડીસા, તા. ૧૯

રાજ્યમાં અબોલ પશુઓની થતી ગેરકાયદેસર હેરાફેરી સામે સરકારના કાયદા પાંગળા પુરવાર થતા આવા અબોલ પશુઓ અનેકો રીતે નિત્ય કતલખાને ઠલવાય છે. જો કે જાગૃત જીવદયા પ્રેમીઓ દ્વારા દિનરાત એક કરી આવા પશુધનને બચાવવા થતા પ્રયત્નોથી અબોલ પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરતા તત્વો પર લગાન લાગેલ છે. જેમાં રાજસ્થાનના એક પશુ મેળામાંથી અંદાજીત ૧૦૦૦ અબોલ કુમળી વયના કસાઈયોના હાથે કતલખાને લઈ જતા બચાવેલ હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.

ગુજરાત સરકારના ગૌહત્યા અધિનિયમ અને પશુક્રૂરતા અધિનિયમના કડક કાયદા જાણે પશુઓની કત્લેઆમ ચલાવતા નરાધમો માટે કુણા અને કાગળ પરના હોય તેમ નિત્ય અને ખાસ કરીને રાજસ્થાનમાંથી ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં અબોલ ગાય, ભેંસ અને કુમળી વયના વાછરડા ક્રૂરતાપૂર્વક ટ્રકમાં ભરી કતલખાનાઓમાં ઠલવાઈ રહ્યા છે. પોલીસ ગમે તે કારણોસર પશુધન કતલખાને લઈ જતી ટ્રકોની તલાશી લેતા નથી. જેનાથી અમીરગઢ, ગુંદરી, થાવર, શામળાજી સહિતની અનેકો નાની-મોટી પોલીસ ચેક પોસ્ટો આ પશુધન કતલખાને લઈ જવાતા પ્રવેશ દ્વારો બન્યા છે. ડીસાના જીવદયા માટે રાજ્ય સરકાર દ્વારા પારીતોષિત ભરતભાઈ કોઠારી, સાંકાભાઈ રબારી, ભેરાભાઈ માળી, પરેશભાઈ પંચાલ તેમજ ઈડર અને પ્રાંતિજના અનેક જીવદયા પ્રેમીઓ જોડાયા હતા. જેઓએ રાજસ્થાન રાજ્યના બાડમેર જિલ્લાના બાલોત્રા તાલુકાના ભીલવાડા ગામે પહોંચી પશુમેળાની જાત માહિતી મેળવી હતી. જેમાં ચોંકાવનારી એવી હકીકત બહાર આવી હતી કે આ પશુમેળામાં કસાઈઓ પણ હાજર હતા. જેઓએ કોઈ કારણોસરના વેચાયેલા અંદાજીત ૧૦૦૦ અબોલ કુમળી વયના વાછરડા ખરીદ્યા હતા અને કતલખાને લઈ જતા હતા.

## મોદીએ અડવાણી, વાજપેયી, મનોહર જોષીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૮

ભાજપની ચૂંટણી પ્રચાર સમિતિનાં પ્રમુખ બનાવ્યા બાદ પહેલી વાર દિલ્હી પહોંચેલા ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પક્ષનાં વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી સાથે મુલાકાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અડવાણીને પક્ષમાં મોદીનાં વધી રહેલા કદ અંગે વિરોધ વ્યક્ત કર્યો હતો. દિલ્હી પહોંચ્યા બાદ મોદી સીધા અડવાણીનાં નિવાસ સ્થાન પર ગયા હતા. ત્યાં લગભગ એક કલાક બંને વચ્ચે મુલાકાત યોજાઈ હતી. અડવાણીનાં નિકટનાં સૂત્રોએ જણાવ્યું હતું કે આ મુલાકાતમાં પક્ષનાં આંતરીક મુદ્દા અને રાજગમાં પડેલી તિરાડ સહિત અનેક મુદ્દા પર વાતચીત કરવામાં આવી હતી. આ બેઠક એટલા માટે મહત્વપુર્ણ મનાય છે કે નરેન્દ્ર મોદી અને અડવાણી વચ્ચેની તિરાડ જગજાહેર બની ગઈ હતી. ગોવામાં પક્ષની કારોબારીની બેઠકમાં પણ અડવાણી ઉપસ્થિત રહ્યા ન હતા. તે સંજોગોમાં નરેન્દ્ર મોદી દિલ્હી જઈને સીધા અડવાણીનાં નિવાસ સ્થાને તેમને મળવા જાય તેના ઉપરથી રાષ્ટ્રીય વર્તુળોમાં એમ માનવમાં આવી રહ્યું છે કે બંને વચ્ચે તેમજ પક્ષમાં સમાધાન થવાની શક્યતાઓ વધી ગઈ છે.

ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ અસ્વસ્થ ભુતપુર્વ વડાપ્રધાન અટલબીહારી વાજપેઈ સાથે તેમના નિવાસ સ્થાને એક કલાકનો લાંબો સમય પસાર કર્યો હતો. આ અગાઉ મોદી દિલ્હીમાં ભાજપનાં નેતા મુરલીમનોહર જોષીને પણ તેમના નિવાસસ્થાને મળ્યા હતા. મોદી ગોવામાં ચૂંટણી પ્રચાર સમિતિનાં અધ્યક્ષ બનાયા બાદ તેમનો આભાર વ્યક્ત કરવા ગયા હતાં. મોદીએ જણાવ્યું હતું કે તેઓ પોતાની જવાબદારી પુરી કરવા પ્રયત્ન કરશે.

મોદીએ યોજનાપંચના ઉપાધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાની મુલાકાત લઈને તેમને જણાવ્યું હતું કે તેઓ રાજ્યની વાર્ષીક યોજનાને અંતિમ સ્વરૂપ આપવા માટે આવ્યા છે.

સૂત્રોનાં જણાવ્યા અનુસાર અડવાણી અને મોદી વચ્ચેની મુલાકાતને મોદીએ અડવાણીને તમામ લોકોને સાથે લઈને ચાલવાનું વચન આપ્યું હોવાનું મનાય છે.

નરેન્દ્ર મોદીએ યોજના પંચના ઉપાધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયા સાથે બેઠક યોજીને ગુજરાતની ૨૦૧૩-૧૪ની વાર્ષિય યોજનાનાં સંદર્ભે મંત્રણા કરી હતી. ગુજરાતની વાર્ષિય યોજનાનું કદ ૫૯ હજાર કરોડ સુનિશ્ચિત કરાયું હોવાનું મનાય છે.

## શબ્દાવલી - ૫૦૯૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | |
| ૬ | | | ■ | ૭ | | | ■ |
| | ■ | | ■ | | ■ | ■ | ૮ |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ | | |
| ■ | | ■ | | ■ | | ■ | |
| ૧૩ | | | ■ | ૧૪ | | | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | | ■ | ૧૭ |
| ૧૮ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | |

### આડી ચાવી

૧. ધરાઈ ગયાની પહોંચ એટલે (૪)
૪. લાકડાનું ફર્નિચર બનાવનાર (૩)
૬. ... લાગે ત્યારે કૂવો ના ખોદાય (૩)
૭. ચિંતા, ઉપાધિ (૩)
૯. તમારૂં, તારૂં (૨)
૧૧. લોહીવિકાર (૫)
૧૩. (હિન્દીમાં) વેવાઈ (૩)
૧૪. ભયંકર, બિહામણુ (૩)
૧૫. ભગવાન દેવી-દેવતાની મૂર્તિને પહેરાવાતા કપડાં (૨)
૧૬. પાણી ગરમ થતાં ઉઠતી ભાંપ (૩)
૧૮. વાળની સેર (૨)
૧૯. માણસ, પુરૂષ (૨)
૨૦. રાષ્ટ્રીય પક્ષી (૨)

### ઊભી ચાવી

૧. તલ્લીન (૪)
૨. ભય, બીક (૨)
૩. મારી નાખવું, ... કાઢી નાખવું (૩)
૪. પુત્રી, દીકરી (૨)
૫. હાથતાળી આપવી, ... આપવી (૨)
૭. ભેગુ, એકઠું (૩)
૮. પ્રતાપ, ચમત્કાર (૩)
૧૦. સુગંધ, સુવાસ (૫)
૧૧. નાડી, નસ (૨)
૧૨. બીક લાગે તેવું તોતિંગ (૪)
૧૩. પ્રશ્ન (૩)
૧૪. ચેન, શાંતિ (૩)
૧૬. રાન, જંગલ (૨)
૧૭. પશુ (૨)

### શબ્દાવલી ૫૦૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉથલપાથલ (૫) દર (૬) વેજા (૭) કનડગત (૯) ખડગ (૧૦) લાર (૧૧) સત્તાવાર (૧૨) સણકો (૧૫) મત (૧૭) પરવાહ (૧૯) તજવીજ (૨૦) હલ

**ઊભી ચાવી :-** (૧) ઉદર (૨) થર (૩) પાટનગર (૪) નેજા (૬) વેતરણ (૭) કડવાણી (૮) ગલાસ (૯) ખત્તા (૧૧) સલામત (૧૩) કોલાહલ (૧૪) શાપ (૧૬) તજ (૧૮) વાહ

## જિલ્લા માટે ચિંતાજનક

● અનુસંધાન પહેલાનું ચાલુ

વસ્તી ગણતરી દરમ્યાન રાજ્યમાં એક જિલ્લાનો વધારો થયો છે. ૧૦૬ નવા ટાઉન જણાઈ આવ્યા છે. રાજ્યમાં સાત વર્ષથી ઉપરનો કુલ સાક્ષરતા દર ૭૮.૦૩ ટકા નોંધાયો છે. જેમાં મહિલાઓનો સાક્ષરતા દર ૬૯.૬૮ ટકા અને પુરૂષનો સાક્ષરતા દર ૮૫.૭૫ ટકા નોંધાયો છે. છેલ્લા દસકામાં પુરૂષ કરતાં મહિલા સાક્ષરતા દરમાં ૧૧.૯ ટકાનો વધારો થયો છે.

૨૦૦૧માં પ્રતિ ચો.કિ.મી.એ ૨૫૮ની વસ્તી ગીચતા હતી તે વધીને ૨૦૧૧માં ૩૦૮ થઈ છે. સૌથી વધુ વસ્તી ગીચતા ધરાવતો જિલ્લો સુરત બન્યો છે. જ્યારે સૌથી ઓછી વસ્તી ગીચતા ધરાવતો જિલ્લો કચ્છ બન્યો છે. વસ્તીની દૃષ્ટિએ ગુજરાતનો ભારતમાં ૧૦મો ક્રમ આવે છે.

વસ્તી ગણતરી નિયામકની કચેરી દ્વારા આજે જાહેર કરાયેલ પરિણામોમાં ગાંધીનગર જિલ્લાની ભૌગોલિક હદમાં થયેલા ફેરફારોની સીધી અસર જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬ ટકા જેટલી વસ્તીનો ઘટાડો સામે આવ્યો છે.

સેક્સ રેસિયામાં ગાંધીનગર જિલ્લો રાજ્યના અંતિમ ક્રમમાં પાંચ જિલ્લાઓમાં આવ્યો છે. ચાઈલ્ડ સેક્સ રેસિયામાં ગાંધીનગર જિલ્લો છેલ્લેથી ત્રીજા ક્રમે આવ્યો છે. જે સૌથી ચિંતાજનક છે. ગાંધીનગર જિલ્લામાં જન્મ લેતા એક હજાર બાળકોમાં ૭૮૪ દિકરીઓનો જન્મ નોંધાયા છે.

કામકાજની ભાગીદારીના રેસિયામાં પણ ગાંધીનગર જિલ્લો રાજ્યના છેલ્લા પાંચ જિલ્લામાં આવે છે. તો મહિલાઓની ભાગીદારીમાં પણ જિલ્લો છેલ્લા પાંચ જિલ્લાઓમાં આવે છે. કામકાજની ભાગીદારીમાં ૩૮.૪૪ ટકા સાથે ગાંધીનગર છેલ્લેથી ત્રીજા ક્રમે તો મહિલાઓની ભાગીદારીમાં તે છેલ્લેથી પાંચમા ક્રમે અર્થાત ૨૧માં ક્રમે આવે છે.

સાક્ષરતા દરમાં પણ ગાંધીનગર જિલ્લો ચોથા ક્રમે આવે છે. સાત વર્ષથી વધુ વયના સૌની મોજણી કરી આ સાક્ષરતા દર તૈયાર કરવામાં આવ્યો છે.

સાક્ષરતાને જ્યાં સુધી નિષ્ફળ છે ત્યાં સુધી ગ્રામ્ય વિસ્તારમાં વસતા સ્ત્રી પુરૂષો શહેરી વિસ્તારની તુલનામાં વધુ સાક્ષર જણાયા છે.

ગાંધીનગર જિલ્લામાં માર્ચ ૨૦૧૧ની સ્થિતિએ વસ્તી ૧૩,૯૧,૭૫૩ હતી જે પૈકી ૭,૯૧,૧૨૬ વ્યક્તીઓ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હતી જ્યારે શહેરી વિસ્તારમાં તે વસ્તી ૬,૦૦,૬૨૭ નોંધાઈ છે. ચાઈલ્ડ સેક્સ રેસિયો પણ શહેરી વિસ્તારમાં ચિંતાજનક જણાયો છે.

## ભાવ વધારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આંતરરાષ્ટ્રીય બજારમાં સતત વધારો થઈ રહ્યો છે. તે ઉપરાંત ભારતીય રૂપીયાની કિંમત અમેરીકન ડોલર સામે ઘટી રહી છે. તેના કારણે ગેસની કિંમતોની પરિસ્થિતિ ખૂબ વણસી ગયેલ છે.

ઉપરોક્ત પ્રતિકુળ પરિબળોને કારણે જીએસપીસી ગેસને ના છુટકે તેની ગેસની કિંમતોમાં દર્શાવ્યા મુજબ ભાવ વધારો કરવાની ફરજ પડેલ છે.

## અલ્હાબાદ બેંકે અમદાવાદમાં રીટેલ કેમ્પ યોજ્યો



અલ્હાબાદ બેંક, ભારતની પબ્લીક સેક્ટર બેંકમાં અગ્રણ્ય, ના શ્રી અજયકુમાર શ્રીવાસ્તવ, ઝોનલ હેડ અને ડેપ્યુટી જનરલ મેનેજરના નેતૃત્વમાં અમદાવાદ ખાતે 'મેગા રીટેલ ક્રેડિટ ડિસ્બર્સ્મેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે સંભવિત ગ્રાહકોને હાઉસીંગ જરૂરીયાત પુરી પાડવા માટે બિલ્ડર-કસ્ટમર મીટ યોજાઈ. પ્રેસને સંબોધતા, શ્રીવાસ્તવે કહ્યું કે, અલ્હાબાદ બેંક રીટેલ જરૂરીયાતોને પુરી પાડવા ગ્રાહકો માટે હાઉસીંગ લોન, કાર લોન, વ્હીકલ લોન, શિક્ષણ અને ટ્રેડ લોન તથા ગત વર્ષની જેમ જ આ નાણાંકીય વર્ષમાં પણ બેંક રીટેલ કેમ્પસના આયોજન કરશે. ૯૫ ખાતાઓમાં રૂ. ૧૫ કરોડથી વધુ મંજૂર થયા, જેમાંથી ૨૮ ખાતાઓમાં રૂ. ૫ કરોડ રીટેલ ક્રેડીટ સેગમેન્ટ હેઠળ ત્યારે જ વિતરિત થયા. ગ્રાહકોએ બેંક દ્વારા મળેલ સમયસર અને શ્રેષ્ઠ ગ્રાહક સેવા અને તેમના સપનાઓને હકીકતમાં ફેરવવા બેંકના સાથની સરાહના કરી.

## કચરો સાફ કરાયો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસાહતીઓએ આજે સફાઈના આ અભિયાનને લઈ તંત્રના અધિકારીઓ સામે રોષ વ્યક્ત કરી જણાવ્યું હતું કે આવા નાટક માત્ર ના કરો વાસ્તવિક રીતે નિયમિત સફાઈ થાય તે જરૂરી છે. કચરા માટે મુકાયેલ કન્ટેનરના સ્ટેન્ડને પાકા એપ્રોચથી જોડો, કન્ટેઈનર મુકવા માટે પાકા ઓટલા તુટી ગયા છે તે દુરસ્ત કરાવો, સફાઈ અભિયાન અંગે અને સ્વચ્છતા માટે લોક-જાગૃતિ અભિયાનની સાથે સાથે તંત્રની સક્રિયતાને જોડવી જોઈએ તેવી રજુઆતો કરી હતી.

કોર્પોરેશનના સત્તાવાર સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ ગંદકીના મુદ્દે આજે ૨૫ જેટલી નોટીસો સ્થળ પર જ આપવામાં આવી હતી. આજના આ સ્વચ્છતા અભિયાન દરમ્યાન ગુમાસ્તાધારા ભંગની તેમજ મીલ બ્રાન્ડેડ ખાદ્યચીજો રાખવા માટે કેટલોક જથ્થો પણ વેપારીઓ પાસેથી પકડી પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧૨ કિલો જેટલો સડેલા ફળોનો પણ નાશ કર્યો હતો.

આજની આ સફાઈ ઝુંબેશમાં સ્થાયી સમિતિના મોટાભાગના સભ્યોની ગેરહાજરી સૌની ચર્ચાનો મુદ્દો બન્યા હતા. જો કે મહિલા સદસ્યોની સક્રિયતા સૌને આંખે ઉડી વળગી હતી. આજના આ સફાઈ અભિયાનનો મુદ્દો આગામી સામાન્ય સભામાં મુખ્ય ચર્ચાનો મુદ્દો બને તેવા સંકેતો મળી રહ્યા છે.

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા નં.૦૬/૨૦૧૩-૧૪**

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ઓફિસ નં.૧૨૫, ફર્સ્ટ ફ્લોર, આઈ.ટી. ટાવર-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, ગાંધીનગર દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

| અનું | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. (૪) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧. | એસ.આર. ટુ એક્ઝીક્યુટીવ ટોઈલેટ એચ.ઓ. જીએમબી, ગાંધીનગર (બીજો પ્રયત્ન) | (૧) રૂ. ૧,૮૭,૩૮૩.૭૫<br>(૨) 'ઈ-૨' અને ઉપર<br>(૩) રૂ. ૧,૯૦૦.૦૦<br>(૪) રૂ. ૬૦૦.૦૦ |
| ૨. | એસ.આર. ટુ લેડીઝ ટોઈલેટ એટ્સ જીએમબી એચ.ઓ. ગાંધીનગર (બીજો પ્રયત્ન) | (૧) રૂ. ૧,૪૫,૬૨૩.૫૦<br>(૨) 'ઈ-૨' અને ઉપર<br>(૩) રૂ. ૧,૫૦૦.૦૦<br>(૪) રૂ. ૬૦૦.૦૦ |

ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૧૭/૬/૨૦૧૩થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૩/૭/૨૦૧૩, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbports.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી છે.

માહિતી/૫૮૫/૧૩-૧૪